

# સાગરિકા... કોસ્ટલ પેનોરમા

(કાંઠાનું સૌંદર્ય..)

જુલાઈ-સપ્ટે.૨૦૧૦

Gujarat SPMU દ્વારા ICZM સમાચારપત્ર

## શ્રી જયરામ રમેશ
## માનનીય પર્યાવરણ અને વન રાજ્ય મંત્રીશ્રી (સ્વતંત્ર હવાલો) નો સંદેશ :



ગુજરાત ઈકોલોજી કમિશનને ICZM ગુજરાતના સમાચારપત્રની પ્રથમ આવૃતિ રજૂ કરવામાં સફળતા બદલ હું અભિનંદન પાઠવું છું.

આ સમાચારપત્ર થકી ICZM - ગુજરાત યોજનાની માહિતીના પ્રસારણ માટે એક મંચ તૈયાર કરવામાં મદદરૂપ થશે.

મને ખાતરી છે કે ગુજરાત ઈકોલોજી કમિશન (GEC) એક રાજ્ય સંચાલિત એકમ હોવાના નાતે ગુજરાતમાં ICZMના સફળ અમલીકરણ માટે એક સહીયારું ફ્રેમવર્ક સ્થાપિત કરવામાં મધ્યવર્તી ભૂમિકા ભજવશે. ICZMP ની સફળતાની ચાવી સમાજના હિતસંબંધિત વિવિધ વર્ગોના સહકાર અને સહિયારા પ્રયાસો ઉપર નિર્ભર છે અને મારું માનવું છે કે આ સમાચારપત્ર આ દિશામાં એક અદભૂત પગલું છે.

GEC ને સફળતા મળે તેવી મારી અભિલાષા.

### અંદરના પાને...


- રાજ્ય સ્તરે પ્રગતિ અહેવાલ
- રાષ્ટ્રીય સ્તરે પ્રગતિ અહેવાલ
- ચેર - ગુજરાતના તટવર્તી કિનારાઓનું અદભુત નજરાણું
- વ્હેલ શાર્ક – એક જૈવિક વૈવિધ્ય
- સમાચાર, જાહેરનામા તથા સંપ્રાપ્તી વિગતો
- મીડીયામાં આઈસીઝેડએમ
- આઈસીઝેડએમ: પ્રવૃતિઓની રૂપરેખા


## યોજના નિર્દેશકની કલમે....



**શ્રી ઈ.બાલાગુરૂસામી, આઈએફએસ**
**અગ્ર મુખ્ય વનસંરક્ષક અને**
**સભ્યસચિવશ્રી,**
**ગુજરાત ઈકોલોજી કમિશન (GEC)**

કચ્છના અખાતમાં અમલ થઈ રહેલા સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન પરીયોજના વિષયક સૌ પ્રથમ સમાચારપત્ર તમારી સમક્ષ રજૂ કરતાં આનંદ અનુભવું છું. સૌપ્રથમ તો હું પર્યાવરણ અને વન મંત્રાલય, ભારત સરકાર, વર્લ્ડ બેંક તથા પર્યાવરણ અને વન વિભાગ, ગુજરાત સરકારનો આભાર માનું છું કે જેમણે ગુજરાત ઈકોલોજી કમિશનમાં ખૂબ મહત્વ અને મૂલ્ય ધરાવતી આવી યોજના માટે વિશ્વાસ મૂક્યો છે. ગુજરાત ઈકોલોજી કમિશન માટે આ એક ગર્વની બાબત છે.

આ સહયોગાત્મક પ્રયાસ માટે હું અમારા અમલીકરણ સહયોગી જેવા કે ગુજરાત ઈકોલોજીકલ એન્ડ એજ્યુકેશનલ રીસર્ચ ફાઉન્ડેશન, મરીન નેશનલ પાર્ક એન્ડ સેન્ચ્યુરી, ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ, ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યુટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓઈન્ફોર્મેટીક્સ અને જામનગર મ્યુનિસીપલ કોર્પોરેશનના સહકાર અને સમર્થનની અપેક્ષા રાખું છું. મને ખાતરી છે કે કચ્છના અખાતના સંકલિત દરીયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન માટે આવા સહયોગાત્મક પ્રયાસ થકી અમે આ જટીલ યોજનાના તમામ પાસાઓનું સફળતાપૂર્વક અમલીકરણ કરી શકીશું.

અંતમાં, ગુજરાત ઈકોલોજી કમિશન ખાતેની મારી ટીમે આ સમાચારપત્ર તૈયાર કરવા માટે કરેલ પ્રયાસોને હું બિરદાવું છું. હું આપને ખાતરી આપું છું કે આ સમાચારપત્ર તમને ICZM યોજનાની પ્રગતિ અને તેની છેલ્લામાં છેલ્લી વિકાસની કામગીરીઓથી માહિતીગાર કરાવતો રહેશે. આ માટેના તમારા સૂચનો અને ભલામણો પણ આવકાર્ય છે.





## હરિત ક્ષેત્ર સ્મારક માટે રૂા. ૨૫ કરોડની યોજના

જુલાઈ૦૮, ૨૦૧૦, દાંડી.

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી જયરામ રમેશ અને પશ્ચિમબંગાળના પૂર્વ રાજયપાલ ગોપાલકૃષ્ણા ગાંધીએ બુધવારના રોજ દાંડીને એક હરિત ક્ષેત્ર તરીકે વિકસીત કરવા રૂા. ૨૫ કરોડ જાહેર કર્યા. દાંડી ખાતે ગાંધીની સ્મૃતિ દાંડીને જોડાયેલા ૩ ગામડાઓનો પણ ઈકોફ્રેન્ડલી પ્રવાસી સ્થળો તરીકે વિકસીત કરવામાં આવશે.

ઉદ્‌ઘાટન પ્રસંગે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે દાંડી એટલે ગાંધીજીનો ભારતમાં પ્રવેશદ્વાર. હવે આપણા દેશે દાંડી માટે કાંઈક કરવું જ જોઈશે. તેમણે ઉમેર્યું કે આવા પ્રયાસોથી દાંડી અને તેને ફરતા ગામડાઓને એન્વાયર્નમેન્ટ પ્રોટેક્શન એક્ટ હેઠળ પ્રાકૃતિક વિસ્તાર – પારિ સંવેદિ ક્ષેત્ર (ઈકો સેન્સિટીવ ઝોન) તરીકે જાહેર કરવામાં આવશે.



Green Action For National Dandi Heritage Initiative ગ્રીન એક્શન ફોર નેશનલ દાંડી હેરીટેજ ઈનીશીએટીવ્સ (GANDHI) (રાષ્ટ્રીય વિરાસત દાંડી સંબંધિત પહેલ - હરિત કાર્યવાહી સ્મારક) શબ્દ મંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રયાસોમાં દાંડીના આસપાસના વિસ્તારના સામાપર, જલાલપોર, મટવાડ અને ઓંઝલ ને આવરી લેવાશે અને ગુજરાત ઈકોલોજી કમિશન, ગૂજરાત વિદ્યાપીઠ અને સોસાયટી ઓફ ઈન્ટીગ્રેટેડ કોસ્ટલ મેનેજમેન્ટના સહીયારા પ્રયાસોથી વિકાસ હાથ ધરવામાં આવશે.

ગુજરાત ઈકોલોજી કમિશનના સભ્ય સચિવશ્રી ઈ.બાલાગુરૂસામીએ જણાવ્યું હતું કે GANDHI ની પ્રવૃતિઓમાં ૧૦૦ હેક્ટર જમીનમાં ચેરનું વાવેતર, ૮ કીમીના તટવર્તી કિનારા પર ૫૦ હેક્ટરમાં જૈવિક આડશ બનાવવી, સૌર અને પવન ઉર્જા, નેચરલ વેસ્ટ મેનેજમેન્ટ સીસ્ટમ તૈયાર કરવી, આ વિસ્તારોમાં રહેતા લોકોના જીવનધોરણમાં સુધારો કરવો અને કૃષિ તથા બાગાયત કામ માટે જમીનનું બિનક્ષારીકરણ કરવું વિગેરે સામેલ છે.

## આઈસીઝેડએમ - રાજ્ય સ્તરે પ્રગતિ અહેવાલ

મે ૨૦૧૦માં વર્લ્ડ બેંક અને આર્થિક બાબતોનો વિભાગ, નાણાં ખાતું, ભારત સરકારે સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન માટેની પરીયોજના ICZMP ઉપર સહી-સિક્કા કર્યા.

આ યોજનાનો ઉદ્દેશ્ય સુચારુ સંચાલન અને પર્યાવરણ સંરક્ષણનો છે જેમાં દરીયાકાંઠાના વિસ્તારોમાં વિવિધ સમુદાયોના સહભાગીતા થકી વિકાસ પ્રયાસો હાથ ધરી, ચેર અને પરવાળાના પ્રત્યારોપણ તથા પુનઃસ્થાપનની પ્રવૃતિઓ, જામનગર નગર પાલિકામાં કાર્યક્ષમ ગટર વ્યવસ્થાપન અને નિકાલ યોજના (સ્યુએજ ટ્રીટમેન્ટ એન્ડ ડીસ્પોઝેબલ પ્લાન્ટ), તટવર્તી વિસ્તારોનું સેટેલાઈટ દ્વારા જીઓ-મેપીંગ અને અનેકવિધ પ્રવૃતિઓ દેશના ગુજરાત રાજ્યમાં હાથ ધરાશે. ગુજરાત સરકાર વતી રાજ્યના યોજના સંચાલન એકમના યોજના નિર્દેશક આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્ય સરકારે ICZMP ના અમલીકરણ માટે જુન ૨૦૧૦માં મંજૂર થયેલ યોજના અહેવાલ આધારીત કરારપત્ર પર સહી-સિક્કા કર્યા હતા. કરારપત્ર પર ગુજરાત રાજ્યના પર્યાવરણ અને વન વિભાગના અગ્ર સચિવશ્રીએ સહી કરી હતી.



જુન ૨૦૧૦માં યોજના અમલીકરણ એજન્સીઓ અને પર્યાવરણ અને વન વિભાગ સાથે મીટીંગ યોજાઈ હતી. ગુજરાત રાજ્ય સંચાલન એકમે યોજના અમલીકર્તા એજન્સીઓ અને રાજ્યના યોજના સંચાલન એકમ જોડે સંકલિત દરીયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન પરીયોજનામાં સુચિત પ્રવૃતિઓ હાથ ધરવા માટે કરાર પર સહી કરી હતી.

ગુજરાત રાજયના પર્યાવરણ અને વન વિભાગના અગ્ર સચિવશ્રીના વડપણ હેઠળ સ્ટીયરીંગ કમિટીની મીટીંગ સપ્ટેમ્બર ૨૦૧૦માં યોજવામાં આવી હતી. જે ગુજરાતમાં સંકલિત દરીયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન પરીયોજના મંજૂરી આપનાર વરિષ્ઠ સમિતી સંસ્થા છે. જેમાં ગુજરાત ઘટકનું વાર્ષિક આયોજન સ્ટીયરીંગ કમિટીના સભ્યો દ્વારા મંજૂર કરવામાં આવ્યું હતું.

## ICZM - રાજ્ય સ્તરે પ્રગતિ અહેવાલ









પર્યાવરણ અને વન વિભાગના અગ્ર સચિવશ્રી અને વર્લ્ડ બેંકના પ્રતિનિધીઓની ઉપસ્થિતીમાં યોજના અમલીકર્તા એજન્સીઓની મીટીંગ જુલાઈ ૨૦૧૦માં સાપુતારા ખાતે યોજવામાં આવી હતી. આ મીટીંગનો ઉદ્દેશ્ય યોજનાના વધારે અસરકારક અમલીકરણ માટે કેટલાક મહત્વના નિર્ણયો લેવાનો હતો.

ગુજરાત સ્ટેટ પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટે જામનગર નગરપાલિકા માટે વિવિધ સેવાઓ જેવી કે નાણાંકીય અને વહીવટી સલાહ-સૂચનો માટેની સેવાઓ, ઈન્ટરનલ ઓડીટ માટેની સેવાઓ અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્સી સેવાઓ મેળવવા માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (રસ ધરાવતા પક્ષકારોને આમંત્રણ) જારી કર્યા હતા.

જામનગર સ્યુએજ ટ્રીટમેન્ટ યોજના હેઠળ નેટવર્કીંગ કામ માટે પણ કોન્ટ્રાક્ટરો મેળવવા માટે ઈન્વીટેશન બીડ જારી કરાયા હતા.

સંકલિત દરીયાકાંઠા વિસ્તારોના વ્યવસ્થાપન પરીયોજનાના પ્રથમ કદમ રૂપે રાષ્ટ્રીય સમુદ્રી ઉદ્યાન અને અભયારણ્ય દ્વારા અભયારણ્યના ૧૩૦૦ હેક્ટર વિસ્તારમાં મેંગ્રુવના વૃક્ષોનું વાવેતરની પ્રવૃતિ હાથ ધરવામાં આવી હતી.

જુથ સશક્તિકરણ અને ક્ષમતાવર્ધન પગલાં રૂપે સપ્ટેમ્બર ૨૦૧૦માં રાજ્યના યોજના વહીવટી એકમ દ્વારા ભરતી મેળાનું આયોજન કરાયું હતું તથા સંકલિત દરીયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન પરીયોજના માટે રાજયસ્તરે યોજના વહીવટ માટે ટીમ નિર્ધારીત કરવામાં આવી હતી.

ICZMP યોજનામાં વિવિધ સમુદાયને કાર્યરત કરી, શક્તિશાળી બનાવી, વિકસીત કરી સામાજીક-આર્થિક વિકાસ હાથ ધરવાની કામગીરી સામેલ છે. આ દિશામાં પ્રાથમિક કદમ તરીકે કચ્છના અખાતને આવરી લેતા ૧૬૦ ગામડાઓમાં સમુદાયને કાર્યરત કરવાના પગલાઓ હાથ ધરાયા હતા. કામગીરીને વિશાળ ફલક પર ફેલાવવા માટે ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા કચ્છ અને જામનગર જિલ્લામાં ૨ કાર્યાલયો ખોલવામાં આવ્યા છે.

આ પગલાઓના ભાગરૂપે Participatory Rural Appraisal (PRA) (સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન) પ્રવૃતિઓ સપ્ટેમ્બર ૨૦૧૦માં ૪૮ ગામડાઓમાં પૂર્ણ કરવામાં આવી. PRA પ્રવૃતિઓનો નીચોડ રજૂ કરતી વાસ્તવિકતાઓને અહેવાલના રૂપમાં ભવિષ્યની કામગીરીના આયોજન અને યોગ્ય માર્ગદર્શન માટે તૈયાર કરવામાં આવી.



સપ્ટેમ્બર ૨૦૧૦માં માનનીય મંત્રીશ્રી જયરામ રમેશ દ્વારા પરવાળાઓનું આર્થિક મૂલ્યાંકન ઉપર આધારિત જીઈસી દ્વારા પ્રકાશિત કરાયેલ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. આ પુસ્તકમાં પરવાળાની જાતિઓ અને સંલગ્ન દરિયાઈ સૃષ્ટી વૈવિધ્યને અનુલક્ષીને ગુજરાતના તટવર્તી વિસ્તારોના વૈવિધ્યને દર્શાવવામાં આવ્યું છે. પરવાળાઓના વૈવિધ્યસભર ચિત્રો દર્શાવતું આ નમૂનેદાર પુસ્તક ગુજરાતના કિનારા વિસ્તારોમાં પથરાયેલા પરવાળાના ખડકોની પ્રતિકૃતિ રજૂ કરે છે જે વાચક માટે એક વિહંગદ્રશ્ય બની રહે છે.



ભારત સરકાર અને વર્લ્ડ બેંકે સંકલિત દરીયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન પરીયોજના માટે દક્ષિણ ગુજરાતના તટવર્તી વિસ્તારોમાં Green Action for National Dandi Heritage Initiative (GANDHI) મેમોરીયલ પ્રોજેક્ટ (રાષ્ટ્રીય વિરાસત દાંડી સંબંધિત પહેલ - હરિત કાર્યવાહી સ્મારક) વિકસાવવા માટે દાંડી અને તેના આસપાસના ગામડાઓ જેવાકે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના સામાપર, ઓંઝલ અને મટવાડ ગામોને મંજૂરી આપી દીધેલ છે.

યોજનાને સોસાયટી ફોર ઈન્ટીગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ (SICOM), ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા અમલી બનાવવામાં આવશે. ગુજરાત ઈકોલોજી કમિશન (GEC) અને ગૂજરાત વિદ્યાપીઠ આ યોજના માટે પ્રોજેક્ટ એક્ઝીક્યુટીંગ એજન્સીઝ (યોજના અમલીકર્તા એજન્સીઓ) તરીકે કામ કરશે તથા યોજનાની કામગીરીનો સર્વાંગી અમલ, દેખરેખ અને નિરીક્ષણ માટે પણ જવાબદાર રહેશે. SICOM આ યોજનાના આવતા બે વર્ષમાં સુચારુ અમલીકરણ માટે રૂા. ૨૫ કરોડનું ભંડોળ નિર્ધારીત કરેલ છે.





# શિબિરો અને પરિસંવાદ

ફીલ્ડ વર્કરો અને કાર્યકર્તાઓ માટે ગીર ફાઉન્ડેશનમાં જુલાઈ ૨૦૧૦માં બે દિવસીય શિબિર યોજવામાં આવી હતી.

ગુજરાત ઈકોલોજી કમિશનના સ્ટાફ માટે ICZM યોજનાને અનુલક્ષીને સપ્ટેમ્બર ૨૦૧૦માં ભુજમાં બે દિવસીય શિબિર યોજવામાં આવી હતી.



ફિલ્ડ સ્ટાફ માટે ત્રણ દિવસીય પીઆરએ તાલીમ શિબિરનું સપ્ટેમ્બર ૨૦૧૦માં ભુજ ખાતે આયોજન કરાયેલ હતું.



રાષ્ટ્રીય સમુદ્રી ઉદ્યાન અને અભયારણ્યના અધિકારીઓ વચ્ચે પણ સપ્ટેમ્બર ૨૦૧૦માં પ્રાથમિક જાણકારી માટે મીટીંગનું આયોજન કરાયેલ હતું. મીટીગમાં વન અધિકારીઓ, વનરક્ષકો, રેન્જ ફોરેસ્ટ ઓફિસર વિગેરેએ ભાગ લીધો હતો. આ મીટીંગમાં ઉપસ્થિતો સમક્ષ ICZMP ના ધ્યેયો અને ઉદ્દેશ્યોની વિસ્તૃત જાણકારી રજૂ કરવામાં આવી હતી.

બધી જ અમલીકરણ એજન્સીઓ માટે ICZMPમાં સમાવિષ્ટ સંપાદન કાર્યવાહીની જાણકારી આપતી કાર્યશાળા નવેમ્બર ૨૦૧૦માં આયોજીત કરવામાં આવશે.

તમામ ફીલ્ડ વર્કરો-કાર્યકર્તાઓ માટે સહભાગીતા વિકાસ કાર્યશાળાનું પણ આયોજન કરવામાં આવશે. જેથી સ્થાનિક લોકો સાથે ચર્ચા-વિચારણા માટેની તેમની જરૂરીયાતો અનુરૂપ યોગ્ય પધ્ધતિઓની સમજ અને તાલીમ આપી શકાય.

# ICZM - રાષ્ટ્રીય પ્રગતિ અહેવાલ

પર્યાવરણ અને વન મંત્રાલયે (MoEF) વર્લ્ડ બેંક દ્વારા સહાય કરાયેલ સંકલિત દરીયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન પરીયોજના શરૂઆત રૂા. ૧૧૫૫.૬૩ કરોડના અંદાજપત્રથી કરી છે.

આ પરીયોજના અમલીકરણ માટે સોસાયટી ફોર ઈન્ટીગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ (SICOM)ની નોંધણી કરી સ્થાપના કરવામાં આવી. તા.૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૦ ના રોજ શ્રી જયરામ રમેશ, પર્યાવરણ અને વન વિભાગના માનનીય રાજ્યમંત્રીશ્રી (સ્વતંત્ર હવાલો) દ્વારા SICOM ના કાર્યાલયનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું.

યોજનાના ભાગરૂપે SICOM નીચે દર્શાવેલા ચાર ઘટકો અમલમાં મૂકશે :

1) National Coastal Management Program
2) ICZM - West Bengal (પશ્ચિમબંગાલ)
3) ICZM - Orissa (ઓરિસ્સા)
4) ICZM - Gujarat (ગુજરાત)



**૧) નેશનલ કોસ્ટલ મેનેજમેન્ટ પ્રોગામમાં નીચેની બાબતો સમાવિષ્ટ છે :**

સમગ્ર દેશના તટવર્તી કિનારા પર જોખમરેખા (હેઝાર્ડ લાઈન) સુનિશ્ચિત કરી નકશા બનાવવા માટે સર્વે ઓફ ઈન્ડીયા (SOI) ને સોંપેલ સર્વેક્ષણ માટેની પરિયોજના. આ માટેનું SOI અને MoEF વચ્ચે ૧૨મી મે, ૨૦૧૦ના રોજ સમજૂતી કરાર સહી કરવામાં આવ્યા હતા.

સાતત્યપૂર્ણ તટવર્તી પ્રબંધન માટે રાષ્ટ્રીય કેન્દ્ર (નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ કોસ્ટલ મેનેજમેન્ટ) (NCSCM) ને અન્નામલાઈ યુનિવર્સીટી - ચેન્નાઈના સંકુલમાંજ સ્થાપિત કરવામાં આવ્યું. આ કેન્દ્રને દરેક તટવર્તી રાજ્યો કે કેન્દ્રશાસિત પ્રદેશોના સ્થાનિક કેન્દ્ર સાથે વ્યૂહાત્મક રીતે જોડવામાં આવશે.

NCSCM નો મુખ્ય ઉદ્દેશ્ય તટવર્તી કિનારાઓના સુચારુ સંચાલન અને ત્યાંની સ્થાનિક લોકોની મુશ્કેલીઓ નિવારવા માટે સંશોધન અને વિકાસ કાર્યો હાથ ધરવાનો છે. ધી અન્નામલાઈ યુનિવર્સીટી ડેકલેરેશન ૨૧મી જુ, ૨૦૧૦ના રોજ NCSCM અને ૧૧ સંશોધન કેન્દ્રો દ્વારા સ્વીકારવામાં આવ્યું.



Green Action for National Dandi Heritage Initiative (GANDHI) મેમોરેયીલ યોજના દાંડી ખાતે શરૂ કરવામાં આવી. આ યોજના ગાંધીજીની દાંડીકૂચને ૮૦ વર્ષ પૂરા થયા તે યાદ પર કેન્દ્રિત થશે.

## ICZM - રાષ્ટ્રીય પ્રગતિ અહેવાલ





આ યોજના દાંડી ગામ અને તેના આસપાસના ગામો જેવા કે સામાપર, ઓંઝલ , મટવાડ, તા. જલાલપોર, જિલ્લો નવસારીમાં અમલી બનાવવામાં આવશે. આ તટવર્તી ગામો ગંભીર પર્યાવરણ સમસ્યાઓ જેવી કે કૃષિની જમીનમાં આગળ વધી ગયેલું ક્ષારનું અતિશય પ્રમાણ, પીવાના ચોખ્ખા પાણીની અપૂરતી ઉપલબ્ધી, જમીનનું ધોવાણ અને આરોગ્ય સુવિધાઓનો અભાવ વિગેરેનો સામનો કરી રહ્યા છે.

આ યોજનાનું સોસાયટી ફોર ઈન્ટીગ્રેટેડ કોસ્ટલ મેનેજમેન્ટ (SICOM) ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા અમલીકરણ કરવામાં આવશે. ગુજરાત ઈકોલોજી કમિશન (GEC) અને ગૂજરાત વિદ્યાપીઠ યોજના અમલીકરણ એજન્સીઓ તરીકે ભૂમિકા નિભાવશે તથા યોજનાની કામગીરીનો સર્વાંગી અમલ, દેખરેખ અને નિરીક્ષણ માટે પણ જવાબદાર રહેશે. SICOM આ યોજનાના આવતા બે વર્ષમાં સુચારુ અમલીકરણ માટે રૂા. ૨૫ કરોડનું ભંડોળ નિર્ધારીત કરેલ છે.

૨) ધી ICZM - પશ્ચિમબંગાળ ઘટકમાં ડીઘા - શંકરપુર અને સુંદરવન સાગર આઈસલેન્ડમાં ICZM આયોજન નિર્ધારણ કરશે. યોજનામાં સાગર આઈસલેન્ડ વિસ્તારના ૧૦૦ ટકા ઘરમાં વીજળીકરણ કરવામાં આવશે. જેથી સ્થાનિક લોકોને લાભ થશે. ઉપરાંત, આજીવિકા વિકાસ, માછીમારીની જેટ્ટી(બંદર)નું બાંધકામ અને તેની બજારૂ વ્યવસ્થા વિગેરે ડીઘા અને સાગર આઈસલેન્ડ વિસ્તારોમાં કરવામાં આવશે.



ICZM યોજનાના વહીવટી એકમના વડા તરીકે શ્રી દેબલ રાય નિયુક્ત કરાયા છે કે જેઓ ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્વાર્યનમેન્ટલ સ્ટડીઝ એન્ડ વેટલેન્ટ મેનેજમેન્ટના યોજના નિર્દેશક છે.



૩) ધી ICZM - ઓરિસ્સા ઘટકમાં પેરાદીપ-ધર્મા અને ગોપાલપુર-ચીકલા રેખાંકનના તટવર્તી વિસ્તારોના સર્વાંગી સંચાલન અને વિકાસ કરવા માટેનું આયોજન તૈયાર કરવાનું છે. મુખ્યત્વે ભાર આ વિસ્તારમાં ભીતરકનીકા, ગહીરમાથા, ચિલકા રેખાંકન વિસ્તારોમાં પ્રકૃતિ સંરક્ષણ અને તટવર્તી કિનારાના સ્થાનિક લોકોની આજીવિકા વિકાસ માટે મૂકવામાં આવશે. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૦ના રોજ આ યોજના ઓરિસ્સા સરકારના મુખ્યમંત્રીશ્રી નવીન પટ્ટનાયક દ્વારા શરૂ કરવામાં આવી હતી.

ICZM - ઓરિસ્સા યોજના એકમના વડા જૂ. અજીત કે પટ્ટનાયક છે જેઓ ચિલકા ડેવલપમેન્ટ ઓથોરીટીના યોજના નિર્દેશક પણ છે.



૪) ધી ICZM - ગુજરાત ઘટકમાં કચ્છના અખાતના સંકલિત દરીયાકાંઠા વિસ્તારોના સંચાલન અને વિકાસ માટેનું આયોજન તૈયાર કરવાની બાબત સમાવિષ્ટ છે. યોજના અંતર્ગત મુખ્ય ભાર આ રેખાંકન વિસ્તારોમાં રહેતા સ્થાનિક લોકોના સામાજીક અને આર્થિક વિકાસ કરવા પર રહેશે.

યોજના તા. ૭મી જુલાઈ, ૨૦૧૦ના રોજ શરૂ કરવામાં આવી હતી અને અમલીકરણ હેઠળ છે. યોજના એકમના વડા શ્રી ઈ. બાલાગુરૂસામી છે જેઓ ગુજરાત ઈકોલોજી કમિશનના સભ્ય સચિવશ્રી છે.

દરીયાકીનારાના અનેક વિસ્તારોમાં વધી રહેલા જમીનના ધોવાણને અટકાવવા ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓશન મેનેજમેન્ટને (IOM), અન્ના યુનિવર્સીટી, ચેન્નાઈને દરીયાકિનારાના વિશ્લેષણનો અભ્યાસ હાથ ધરવા કામગીરી સોંપાયેલ છે. IOM એ ગુજરાતના દરીયાકાંઠાનો અભ્યાસ પૂર્ણ કરેલ છે. તમિલનાડુ અને પોંડીચેરીનો દરિયાકીનારાનો અભ્યાસ નવેમ્બર ૨૦૧૦સુધીમાં પૂર્ણ થઈ જશે.



પર્યાવરણ અને વન મંત્રીશ્રી જયરામ રમેશે તટવર્તી કિનારાના દરેક રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશ (ગુજરાત, ઓરિસ્સા અને પશ્ચિમબંગાળ સિવાય જે પહેલેથી જ ICZM યોજનાના તબક્કા-૧માં સમાવિષ્ટ છે) ના મુખ્યમંત્રીશ્રીઓને સંકલિત દરીયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન પરીયોજનાના બીજા તબક્કાના સૂચનો માટે વિનંતી કરતો પત્ર લખ્યો છે.

## ચેર : ગુજરાતના દરીયાકિનારાનું અદ્‌ભૂત નજરાણું

દરિયાકિનારેથી આગળ વધતા ખારાપાણીનો પટ્ટો આગળ વધતો હોય અને જમીનનું ધોવાણ થતું અટકાવવું હોય કે જમીનની સમથળતા થકી કાંપનો ઘસારો અટકાવવાની વાત હોય તો દરિયાકીનારે ચેરના વાવેતરથી વધારે સારો વિકલ્પ કોઈ વિચારી જ ના શકે. એક ઉમદા આર્થિક અને સામાજીક મૂલ્ય ધરાવતી સમુદ્રકિનારાની આ વનસ્પતિ એ તટવર્તી કિનારાની અર્થવ્યવસ્થાનું અવિભાજ્ય અંગ છે અને દરિયાઈ જીવોના ઉછેર અને સંવર્ધન તથા પરીપૂર્ણતાની ગરજ પણ સારે છે, ઉપરાંત સ્વચ્છતા અને સુંદરતાનો પણ શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થઈ છે.

ચેર વનસ્પતિ ક્ષાર પ્રતિરોધક છે જે અખાતના તટવર્તી ખાડી વિસ્તારોમાં કિનારાઓ ઉપર તથા નદીના ખાડીના વિસ્તારમાં ઉગી નીકળે છે. સમગ્ર ભારતમાં પૂર્વ વિસ્તારમાં ક્ષેત્રફળની દ્રષ્ટીએ પશ્ચિમબંગાળ પછી માત્ર ગુજરાતમાં જ ચેર જોવા મળે છે જે ૯૩૬ કીમીના વિસ્તારમાં ફેલાયેલા છે.



સમગ્ર વિશ્વમાં ચેરના ૩૪ મુખ્ય અને ૨૦ ગૌણ પ્રકારો ધરાવતા પ્રકારો જે તેની ૨૦ જાતિઓ સાથે ૧૧ કુળ સાથે સંકળાયેલી મળી આવે છે. કાંઠા વિસ્તારોમાં ઉગતી આ વનસ્પતિ તટવર્તી કિનારાની સ્થાનિક પ્રજાની આજીવિકા છે. ભારતમાં ચેરનું કુલ વાવેતર આશરે ૪૬૩૯ ચોરસ કીમીમાં ફેલાયેલું છે અને દરીયાઈ જીવોની વૈવિધ્યસભર માંગને પરીપૂર્ણ કરે છે.

ભિતરકનિકામાં ચેરના વૃક્ષો ઓરિસ્સાના ખાડી ઉપરાંત ભારતના પૂર્વી તટવર્તી ખાડી ક્ષેત્રોમાં સવિશેષ જોવા મળે છે જે ભારતમાં ચેરના વાવેતરમાં સૌથી મોટો વિસ્તાર છે જ્યાં તેની ૬૫ થી વધારે જાતિઓ જોવા મળે છે. ગુજરાત પ્રદેશમાં પાણી અને જમીનમાં ક્ષારનું પ્રમાણ ખૂબ જ હોવાના કારણે ચેરની વિવિધતા ઓછી જોવા મળે છે. પણ ગીર ફાઉન્ડેશને વલસાડ અને નવસારી જિલ્લાઓમાં વિપુલ પ્રમાણમાં ઉગતી ૧૪ પ્રકારની ચેરની પ્રજાતિઓ શોધી કાઢી છે.



## વ્હેલ માછલી – એક જૈવિક વૈવિધ્ય

વ્હેલ શાર્ક રીંકોડન ટાયપસ, સ્મીથ, ૧૮૨૮ જે આશરે ૧૨ મીટર જેટલી મોટી અને આશરે ૩૦ ટન વજન ધરાવતી આ વ્હેલ માત્ર માછલીઓમાં જ સૌથી મોટી પ્રજાતિ છે એટલું જ નહીં પણ પૃથ્વી પરનું સૌથી મહાકાય પ્રાણીનું પણ બિરૂદ ધરાવે છે. જો કે હાલના સમયમાં વૈશ્વિક સ્તરે તેની ઘટી રહેલી વસ્તીના કારણે આ જાતિ લુપ્ત થઈ રહી છે. માટે વ્હેલ શાર્ક જે શીયાળાની ઋતુમાં આફ્રિકાથી ગુજરાતના દરીયાકાંઠા સુધી સ્થળાંતર કરતી જોવા મળે છે તેને ભારતીય વન્યપશુ (આરક્ષણ) અધિનિયમ હેઠળ વર્ષ ૨૦૦૧માં આરક્ષિત જાહેર કરવામાં આવી છે.

ભારતના લગભગ બધા જ તટવર્તી રાજ્યો જેવાકે ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરલ તમિલનાડુ, આંધ્રપ્રદેશ, પશ્ચિમબંગાળ અને ગોવા પ્રદેશોમાં દરીયાકાંઠે વ્હેલ જોવા મળે છે. ગુજરાતમાં પોરબંદરથી લઈને ઓખા સુધી તે જોવા મળે છે. ભારતીય સમુદ્રમાં આશરે ૫૦૦ જેટલી વ્હેલ શાર્ક માછલીઓ છે જેમાંની મોટાભાગની ટપકાંવાળી વ્હેલ ગુજરાતના દરિયાકાંઠા નજીક છે.



વ્હેલ શાર્ક માછલી એ બહુ અલભ્ય પ્રજાતિ છે. વ્હેલ શાર્ક અંડબીજ ધરાવતું પ્રાણી છે તેના ઈંડા શરીરમાં રહી વ્હેલ બચ્ચાઓને જન્મ આપે છે. એવી પણ માન્યતા છે કે તે ૩૦ વર્ષની ઉંમરે લૈંગિક પુખ્તતા પ્રાપ્ત કરે છે અને તેનું આયુષ્ય આશરે ૭૦ થી ૧૦૦ વર્ષનું છે. લૈંગિક પુખ્તતાની ઉંમર મોડી આવવાને કારણે તેની વસ્તી ખૂબ જ ઓછી જોવા મળે છે. આ જાતિ માટે સૌથી મોટો ભય આંતરરાષ્ટ્રીય સ્તરે શાર્કની પાંખો, લીવર ઓઈલ, ચામડી અને તેના માંસની વધતી રહેલી માંગના કારણે અપ્રમાણસર અને ગેરકાયદેસર માછીમારી છે.

## સમાચાર, જાહેરનામા અને સંપ્રાપ્તી વિગતો



નાણાંકીય અને સંપ્રાપ્તીની સલાહ - મસલત સેવાઓ મેળવવા માટે એક પ્રિ-બિડ મીટીંગ ઓક્ટોબર, ૨૦૧૦માં ગોઠવવામાં આવી હતી.

જામનગર નગર-પાલિકાની સ્યુએજ ટ્રીટમેન્ટ યોજના (એસટીપી) માટે સંચાલન પરામર્શ હેતુ પ્રિ-બિડ મીટીંગ ઓક્ટોબર ૨૦૧૦માં ગોઠવવામાં આવી હતી.

ઈન્ટરનલ ઓડીટને લગતી સેવાઓ માટે પ્રિ-બીડ મીટીંગ ઓક્ટોબર ૨૦૧૦માં ગોઠવવામાં આવી હતી.

ઘરોના જોડાણો અને નેટવર્કીંગ માટે સૂચિત કોન્ટ્રાક્ટરોની પ્રિ-બીડ મીટીંગ ઓક્ટોબર ૨૦૧૦માં ગોઠવવામાં આવી હતી.

સંકલિત દરીયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન પરીયોજના માટેની વેબસાઈટની ડીઝાઈન અને વિકાસ માટેની સંપ્રાપ્તી ઓક્ટોબર અને નવેમ્બર ૨૦૧૦માં અમલી બનશે. તેમાં રસ ધરાવતા ઈસમો માટેની જાહેરાત દૈનિક સમાચારપત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. રસ ધરાવતા અરજદારો આ માટે ICZM ની વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

દાંડીમાં ગાંધી મેમોરીયલ પ્રોજેક્ટ માટે માસ્ટર પ્લાન તૈયાર કરવા પરામર્શો મેળવવા માટે ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૦માં આયોજન કરાયેલ છે.

## મીડીયા-સમાચારોમાં આઈસીઝેડએમ



**સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન પરીયોજના**

એપ્રિલ ૧૦, ૨૦૧૦, ૧૨:૦૧ મિનિટ

સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન પરીયોજના અંતર્ગત ભારતના ૭૫૦૦ કી.મી.માં ફેલાયેલા દરીયાકાંઠા વિસ્તારોમાં થઈ રહેલા ફેરફારો અને સમુદ્રની વધતી સપાટીનો અભ્યાસ આવરી લેવાયો છે. આ યોજનામાં તટવર્તી ક્ષેત્રોમાં રહેતા ૬ કરોડ લોકોને પણ આવરી લેવાશે. રૂા. ૧૧૫૬ કરોડની વર્લ્ડ બેંકની સહાયથી તૈયાર કરાયેલ દરીયાકાંઠા સંકલિત વિસ્તાર વ્યવસ્થાપન પરીયોજના આવતા પાંચ વર્ષોમાં પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા તબક્કાવાર અમલી બનાવાશે.

**વર્લ્ડ બેંકે ભારતમાં ૩૭૨ મીલીયન ડોલરની મંજૂર કરેલી બે યોજનાઓ**

પીટીઆઈ- જુન ૧૬, ૨૦૧૦, સવારે ૧૧:૫૫ કલાકે, વોશિંગ્ટન—

વર્લ્ડ બેંકે ૩૭૨ મીલીયન ડોલર મૂલ્ય ધરાવતી બે યોજનાઓ ભારત માટે મંજૂર કરી છે જેમાં દરીયાકાંઠા સંકલિત વિસ્તાર વ્યવસ્થાપન પરીયોજના પણ સમાવિષ્ટ છે. બેંકે જણાવ્યું હતું કે આ સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન પરીયોજના થકી સંસ્થાકીય વ્યવસ્થાઓની સ્થાપના કરાશે, રાષ્ટ્રીય કાર્યક્રમને અમલી બનાવવા જરૂરી ક્ષમતા અને એડવાન્સ નૉલેજ સીસ્ટમની જરૂરીયાતો પરીપૂર્ણ કરાશે.

**સરકારે વર્લ્ડ બેંક સાથે ૨૮૯ મીલીયન ડોલરનો કરાર કર્યો**

જુલાઈ ૨૩, ૨૦૧, ૦૨:૧૫ કલાક, નવી દીલ્હી.

ભારત સરકારે આજે વર્લ્ડ બેંક સાથે ૨૮૯.૧૫ મિલીયન ડોલરનો લોન અને ક્રેડીટ કરાર સહી કર્યો છે. કુલ ભંડોળમાંથી ૨૨૧.૯૬૫ મીલીયન ડોલર સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન પરીયોજના માટે ફાળવવામાં આવશે. યોજના થકી રાષ્ટ્રીય સ્તરે સર્વગ્રાહી તટવર્તી વિસ્તારોના સંચાલન અને ક્ષમતા બંધારણ કરવામાં આવશે તથા ગુજરાત, ઓરિસ્સા અને પશ્ચિમબંગાળ પ્રદેશોથી ઈન્ટીગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ અભિગમના અમલીકરણની શરૂઆત હાથ ધરવામાં આવશે.

**ગુજરાત, ઓરિસ્સા અને પશ્ચિમબંગાળ - આપણા તટવર્તીય પરિસર-તંત્રની રક્ષા માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ શરૂ કરશે.**

૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૦, સવારે ૦૭:૩૫ કલાકે.

વન અને પર્યાવરણ મંત્રાલયની રાજ્ય મંત્રીશ્રી જયરામ રમેશે જણાવ્યું છે કે આપણી તટવર્તી અર્થવ્યવસ્થાને સુરક્ષિત કરવાના રાષ્ટ્રીય સ્તરના પ્રયત્નોની શરૂઆત ઓરિસ્સા, ગુજરાત અને પશ્ચિમબંગાળથી કરવામાં આવશે. આજે ઈન્ટીગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ મંડળના કાર્યાલય (SICOM) નું ઉદ્‌ઘાટન કરતાં તેઓએ વધુમાં જણાવ્યું હતું કે કદાચ સૌપ્રથમવાર તટવર્તી ક્ષેત્રોના વિવિધ પાસાઓના તજજ્ઞો નિષ્ણાંતો અને સંચાલન વ્યવસાયિકોને પહેલીવાર એકજુથ કરી મંડળની રચના કરવામાં આવી છે.

વધારે માહિતી માટે સંપર્ક કરો :

ગુજરાત સ્ટેટ પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ
(ગુજરાત રાજ્ય યોજના વહીવટી એકમ)
ગુજરાત ઈકોલોજી કમિશન
બ્લોક નં. ૧૮, પહેલે માળ, ઉદ્યોગ ભવન,
સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧.
ફોન – (૦૭૯) ૨૩૨૫૭૬૫૬,
૨૩૨૫૭૬૫૮
ઈમેઈલ : gec_icef@rediffmail.com
ટોલ ફ્રી નંબર : ૧૮૦૦ ૨૩૩ ૭૯૬૦

## શું તમે જાણો છો ?



મુખ્યત્વે ગુજરાતના દરીયાકાંઠે જોવા મળતી લીલા દરીયાઈ કાચબાની આ પ્રજાતિ હાલના સમયમાં મોટા ભયમાં મૂકાઈ ગઈ છે. તેને અનેકવિધ પરીબળો તરફથી જોખમ છે અને તેને લુપ્ત થતી અટકાવવા તાત્કાલીક આરક્ષણના પગલાંઓની જરૂર છે. લીલા દરિયાઈ કાચબાને સૌથી મોટો ભય માછીમારો દ્વારા જાળમાં અકસ્માતે પકડાઈ જવાથી (જે અંતે મૃત્યુમાં પરીણમે છે), અન્ય હિંસક પ્રાણીઓ દ્વારા તેના ઈંડાઓની ચોરી અને તોડફોડ, તેના માળા-ઘરો ધરાવતા મહત્વના દરીયાકિનારા પર ગેરકાયદે રેતી ખોદકામ, કાંઠાળા વિસ્તારોમાં થઈ રહેલો બેફામ વિકાસ અને ઔદ્યોગિક કચરાનું વધતું પ્રમાણ છે.

આ લીલો દરીયાઈ કાચબો કે જેનું વૈજ્ઞાનિક નામ ચેલોનીયા માયડાસ છે તે દરીયાઈ બીચ ઉપર માત્ર ઈંડા મૂકવા જ આવે છે. એકી સમયે તે બીચ ઉપર ૧૦૦ થી ૧૫૦ ઈંડા મૂકી પાછો દરીયાના પાણીમાં જતો રહે છે.

અન્ય પ્રાણીઓની જેમ તે નૈસર્ગિક કે જન્મજાત માતૃપ્રેમ ધરાવતું પ્રાણી નથી. બીચ ઉપર એકવાર ઈંડા મૂકી દીધા પછી તે ખૂબ જ સહજતાથી દરીયામાં પાછો ફરી જાય છે. તે તેના મૂકેલા ઈંડાઓની સારસંભાળ કે દેખરેખ માટે પણ દરકાર લેતો નથી.

## પ્રવૃતિઓનું કેલેન્ડર

| ઓક્ટોબર ૨૦૧૦ | નવેમ્બર ૨૦૧૦ | ડીસેમ્બર ૨૦૧૦ |
|---|---|---|
| ★ સ્યુએજ ટ્રીટમેન્ટના નેટવર્કીંગ એન્ડ હાઉસ કનેક્શન સીસ્ટમના અમલીકરણ માટે માંગણીદારોની પસંદગી પ્રક્રીયા<br>★ ગ્રામ્ય સ્તરે એન્ટ્રી પોઈન્ટ પ્રવૃતિઓની સ્થાપના અને શરૂઆત<br>★ યોજનાના વિવિધ સ્થળોએ ચેર વૃક્ષોનું વાવેતર હાથ ધરવું<br>★ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ માટે વિજ્ઞાનિક સાધનોનું સંપ્રાપ્તિકરણ<br>★ દાંડી જિલ્લાના ૪ ગામોમાં સહભાગીતા ગ્રામ્ય મૂલ્યાંકન પ્રવૃતિઓનું અમલીકરણ<br>★ યોજનાના ગામોમાં સીબીઓ રચનાની પ્રવૃતિઓની શરૂઆત | ★ નાણાંકીય પરામર્શકારોની સંપ્રાપ્તી<br>★ ઈન્ટરનલ ઓડીટરની સંપ્રાપ્તી<br>★ જામનગર ખાતે ઘરોમાં જોડાણ અને નેટવર્કીંગ સીસ્ટમની શરૂઆત<br>★ યોજનાના વિસ્તારોમાં ચેર વનસ્પતિ અંગે જાગૃતિ અભિયાન માટે ચેર યાત્રાની શરૂઆત<br>★ આઈસીઝેડએમની પ્રગતિ અને નડતી સમસ્યાઓની ચર્ચાવિચારણા માટે સ્ટીયરીંગ કમિટીની મીટીંગ | ★ યોજનાના ગ્રામ્ય વિસ્તારોમાં સુચારુ અમલીકરણ માટે લાયેઝનીંગ અને નેટવર્કીંગ પ્રવૃતિને વધુ ઝડપી અને શક્તિશાળી બનાવવા જિલ્લા અધિકારીઓની મીટીંગ<br>★ ICZM સાથે સાથે સંકળાયેલ તમામ ભાગીદારો અને એજન્સીઓ માટે દિલ્હીમાં હાથ ધરાનાર રાષ્ટ્રીય સ્તરની ICZM કાર્યશાળા |